**Enrollment No: ______________________ Exam Seat No:______________________**

# C. U. SHAH UNIVERSITY
## Summer Examination-2022

**Subject Name : Company Account-II**

**Subject Code : 4CO04COA1** **Branch: B.Com (Gujarati)**

**Semester: 4** **Date: 05/05/2022** **Time: 11:00 To 02:00** **Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1 Attempt the following questions:** **(14)**

**a)** _________ માં બંને કંપનીઓનું અસ્તિત્વ રહેતું નથી. 1
(અ) આંતરિક પુનઃરચના (બ) સમાવેશ (ક) બાહ્ય પુનઃરચના (ડ) સંયોજન

**b)** નવી કંપની પાસેથી મળેલા શેર __________ નોંધાય છે. 1
(અ) દાર્શનિક કિંમતે (બ) સરેરાશ કિંમતે (ક) બજાર કિંમતે (ડ) ઉપરમાંથી એક પણ નહિ

**c)** ચોખ્ખી મિલકતો ÷ ઇક્વિટી શેરની કુલ સંખ્યા = ________ કિંમત 1
(અ) શેરની ઊપજ (બ) શેરની આંતરિક (ક) શેરની બાહ્ય (ડ) શેરની દાર્શનિક

**d)** ખરીદનાર અને વેચનાર બંને કંપનીના શેરની આંતરિક કિંમત મુજબ ખૂટતી રકમ _______ ચૂકવાય છે. 1
(અ) રોકડમાં (બ) પ્રેફરન્સ શેરમાં (ક) ડિબેન્ચરમાં (ડ) મિલકતોમાં

**e)** સમાવેશ વખતે ખરીદ કિંમત પેટે આપવાના શેરની બજાર કિંમત ન આપી હોય તો શેરની ______ કિંમત નથી કરવી પડે છે. 1
(અ) વાજબી (બ) દાર્શનિક (ક) આંતરિક (ડ) ઉપજ

**f)** સંયોજન વખતે વેચનાર કંપનીના પાકા સરવૈયામાં દર્શાવેલ સામાન્ય અનામતની મૂળ રકમ વેચનાર કંપનીના ચોપડામાં ક્યાં ખાતે લઇ જવામાં આવે છે ? 1
(અ) નફા-નુકસાન ખાતે (બ) ખરીદનાર કંપની ખાતે
(ક) માલ-મિલકત નિકાસ ખાતે (ડ) ઈક્વિટી શેરહોલ્ડરો ખાતે

**g)** કયા હેતુઓ માટે કંપનીઓ સંયોજનમાં જોડાય છે ? 1
(અ) હરીફાઈ વધારવા
(બ) વિકેન્દ્રીકરણ કરી આર્થિક અને ટેકનિકલ સાધનો એકઠાં કરવા
(ક) નાના પાયા પરના એકમના લાભ મેળવવા
(ડ) કેન્દ્રીકરણના લાભો મેળવવા

**h)** કંપનીની પુનઃરચનાના કેટલા પ્રકાર છે? 1
(અ) 2 (બ) 3 (ક) 1 (ડ) 4

**i)** જો કંપની સ્વૈચ્છિક વિસર્જન કરવાનો ખાસ ઠરાવ કરે ત્યારે સ્વૈચ્છિક વિસર્જનનો નિર્ણય કર્યા પછી ઠરાવ પસાર થવાના કેટલા દિવસમાં નોટિસ આપવી જોઈએ ? 1
(અ) 5 દિવસ (બ) 10 દિવસ (ક) 14 દિવસ (ડ) 38 દિવસ

**j)** મૂડી ઘટાડા સિવાયના અન્ય માર્ગે કંપનીનું સ્વૈચ્છિક / મરજિયાત વિસર્જન કરી જૂની કંપની કાનૂની 1

વિધિ મારફતે પોતાને નવા નામે નવસર્જને આપે તેને વિધિ કહે છે.

(અ) આંતરિક પુનઃરચના (બ) બાહ્ય પુનઃરચના (ક) સંયોજન (ડ) સમાવેશ

**k)** નીચેના પૈકી કઈ આવક લિક્વિડેટરના આવક-જાવકના પત્રકમાં દર્શાવાશે નહિ ? 1

(અ) મિલકતો વેચતાં ઊપજેલ રકમ (બ) સંપૂર્ણ સલામત લેણદારોનો વધારો

(ક) શર પ્રીમિયમ (ડ) અંશતઃ ભરાયેલ શૈરના મંગાવેલ હપતા

**l)** લિકિવડેટર પાસે લેણદારોને ચૂકવવા માટે ફક્ત રૂ. 52,500 છે. લિક્વિડેટરનું લેણદારોને ચૂકવેલ રકમ પર 5% મહેનતાણું __________ 1

(અ) રૂ. 2,625 (બ) રૂ. 2,375 (ક) રૂ. 2,500 (ડ) રૂ. 3,000

**m)** નીચેનામાંથી ક્યા લેણદારો પસંદગીના લેણદારો નથી ? 1

(અ) કર્મચારીનું પ્રોવિડન્ટ ફંડ (બ) ખર્ચ ચૂકવવાનો બાકી

(ક) કર્મચારીનું પેન્શન (ડ) ઉપરમાંથી એક પણ નહિ

**n)** નીચેનામાંથી કયા લેણદારો તરતા બોજધારી લેણદારો ગણાય ? 1

(અ) લેણદારો (બ) સરકારી દેવું (ક) પ્રોવિડન્ટ ફંડ (ડ) ડિબેન્ચર્સ

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **(14)**

હિતના જોડાણની પદ્ધતિ અને ખરીદ પદ્ધતિ વચ્ચે તફાવત આપો.

**Q-3** **Attempt all questions** **(14)**

**(A)** અવેજ પદ્ધતિ સમજાવો. **7**

**(B)** બંધ થતી કંપનીના ચોપડા કઈ રીતે બંધ થશે તે સમજાવો. **7**

**Q-4** **Attempt all questions** **(14)**

**(A)** લિક્વિડેટરની જવકો સમજાવો. **7**

**(B)** લિક્વિડેટરના આવક-જવક પત્રકનો નમુનો આપો. **7**

**Q-5** **Attempt all questions** **(14)**

**(A)** સંયોજન અને સમાવેશના હેતુઓ જણાવો. **7**

**(B)** શેરની આંતરિક કિંમત શું છે સમજાવો. **7**

**Q-6** **Attempt all questions** **(14)**

**(A)** ફડચામાં ગયેલ કંપનીના લિક્વિડેટર પાસે રૂ. 6,72,000 છે. જે નીચે મુજબ જણાવેલ શેરો વચ્ચે કેવી રીતે વહેંચાશે તે જણાવો : **7**

| ઈ. શેરનો પ્રકાર | ઇક્વિટી શેરની સંખ્યા | ઇક્વિટી શેરની દાર્શનિક કિંમત રૂ. | ઇક્વિટી શેર દીઠ ભરપાઈ રકમ રૂ. |
|---|---|---|---|
| A | 8,000 | 100 | 75 |
| B | 6,000 | 75 | 60 |
| C | 4,000 | 50 | 35 |
| D | 20,000 | 10 | 5 |

**(B)** જાગૃતિ કંપની લિ. તા. 31-03-2014 મી ગઈ તે તારીખનું તેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું : **7**

| જવાબદારીખો | રકમ રૂ. | મિલક્તો | રકમ રૂ. |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | 2,00,000 | મકાનો | 2,00,000 |
| પ્રેફરન્સ શેરમૂડી | 1,00,000 | ફર્નિચર | 4,000 |
| સામાન્ય અનામત | 4,000 | યંત્રો | 2,40,000 |
| 15%ના ડિબેન્ચર્સ (તરતા બોજવાળા) | 2,00,000 | રોકાણો | 1,00,000 |
| | | સ્ટૉક | 3,22,900 |
| ડિબેન્ચર વ્યાજ બાકી | 30,000 | દેવાદારો | 24,000 |
| બૅન્ક લોન (તારણ તરીકે કંપનીનાં રોકાણો છે) | 80,000 | રોકડ | 9,100 |

| | | | |
|---|---|---|---|
| લેણદારો | 2,00,000 | | |
| પ્રોવિડન્ટ ફંડ | 50,000 | | |
| કર્મચારીઓનો પગાર બાકી (3 કારકુનોનો 3 માસનો) | 18,000 | | |
| કામદારોનો પગાર | 18,000 | | |
| | **9,00,000** | | **9,00,000** |

બેંકે કંપનીનાં રોકાણો ચોપડે કિંમતે વેચ્યાં અને વધારો રૂ. 20,000 લિક્વિડેટરને આપ્યો. અન્ય મિલકતોના નીચે પ્રમાણે ઊપજ્યા :

મકાનો રૂ. 3,00,000　　　　સ્ટૉક રૂ. 2,60,000

ફર્નિચર રૂ. 2,000　　　　દેવાદારો રૂ. 20,000

યંત્રો રૂ. 3,00,000

વિસર્જન ખર્ચ રૂ. 15,000 થયો. લિક્વિડેટરને તેણે ઉપજાવેલ રકમ પર 5% કમિશન આપવાનું છે. ડિબેન્ચર હોલ્ડરોને તા. 30-09-2017ના રોજ ચૂકવી આપવામાં આવ્યા. પ્રેફ. શેર ક્યુમ્યુલેટિવ છે અને તેના પર છેલ્લાં 2 વર્ષનું ડિવિડન્ડ બાકી છે.

લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક બનાવો.

**Q-7** **(14)**

સનગ્લાસ કંપની લિ. નું તા. 31-03-2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલક્તો | રકમ રૂ. |
|---|---|---|---|
| ઇક્વિટી શેર દરેક રૂ. 100નો | --- | પાઘડી | 1,50,000 |
| પૂરા ભરાયેલા | 5,00,000 | જમીન-મકાન | 2,60,000 |
| 12%ના પ્રેફરન્સ શેર દરેક રૂ. | --- | સાંચા-યંત્રો | 1,80,000 |
| 100નો પૂરા ભરાયેલા | 2,00,000 | ફર્નિચર | 30,000 |
| 15%ના ડિબેન્ચર્સ | 1,00,000 | સ્ટોક | 50,000 |
| લેણદારો | 2,00,000 | દેવાદારો | 60,000 |
| | | નફાનુકસાન ખાતું | 2,70,000 |
| | **10,00,000** | | **10,00,000** |

શેરહોલ્ડરો અને લેણદારોની સમિતિએ નક્કી કર્યું કે કંપનીનું સ્વૈચ્છિક વિસર્જન કરવું અને નવી કંપની ચંદ્રકિરણ લિ. ની રૂ. 25,00,000ની સત્તાવાર ઇક્વિટી શેર દરેક રૂ. 10ની મૂડીથી સ્થાપના કરવી. અદાલત દ્વારા પુનઃ રચના યોજનાને નીચેની શરતોએ મંજૂરી મળી :

(૧) જૂની કંપનીના એક ઇક્વિટી શેરના બદલામાં નવી કંપનીના રૂ. 5 ભરપાઈ થયેલ પાંચ ઇક્વિટી શેર આપવા.

(૨) જૂની કંપનીના એક પ્રેફરન્સ શેરના બદલામાં નવી કંપનીના રૂ. 5 ભરપાઈ થયેલ દશ (10) ઇક્વિટી શેર આપવા.

(૩) ડિબેન્ચર્સ હોલ્ડરોને 50% રકમ રોકડમાં ચૂકવવી અને બાકીની રકમના રૂ. 10ના પૂરા ભરપાઈ ઇક્વિટી શેર આપવા.

(૪) રૂ. 40,000ના પસંદગીના લેણદારોને પૂરી રકમ રોકડમાં ચૂકવવી.

(૫) બિનસત્તાવાર લેણદારોને તેમના દાવાના ચૂકતેના હિસાબે રૂપિયે 50 પૈસા લેખે ચૂકવવાના છે.

(૬) નવી કંપનીના ઇક્વિટી શેરહોલ્ડરોએ શેરની બાકીની રકમ રોકડમાં ચૂકવવી.

(૭) મિલકતો ચોપડે કિંમતે ગણવાની છે.

ચંદ્રકિરણ લિમિટેડના ચોપડામાં આમનોંધ લખી શરૂઆતનું પાકું સરવૈયું તૈયાર કરો.

**Q-8** **(14)**

તિમિર લિમિટેડ અને તેજ લિમિટેડનાં તા. 31-03-2017ના રોજનાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે.

| જવાબદારીઓ | તિમિર લિ. | તેજ લિ. | મિલક્તો | તિમિર લિ. | તેજ લિ. |
|---|---|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | 4,00,000 | 3,20,000 | પાઘડી | 2,00,000 | 1,00,000 |
| સામાન્ય અનામત | 1,00,000 | 3,00,000 | પ્લાન્ટ-યંત્રો | 5,00,000 | 6,00,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નફા-નુકસાન ખાતું | 60,000 | 1,80,000 | રોકાણો | 1,00,000 | 1,24,000 |
| ૧૦% ના ડિબેન્ચર્સ | 4,80,000 | 4,00,000 | સ્ટૉક | 80,000 | 1,50,000 |
| લેણદારો | 2,00,000 | 1,00,000 | દેવાદારો | 2,50,000 | 2,00,000 |
| દેવીહૂંડીઓ | 40,000 | 60,000 | લેણીહૂંડીઓ | 70,000 | 76,000 |
| | | | રોકડ-બૅન્ક | 80,000 | 1,10,000 |
| | **12,80,000** | **13,60,000** | | **12,80,000** | **13,60,000** |

તા. 01-04-2017ના રોજ તિમિર લિ.નો ધંધો તેજ લિ. એ પોતાનામાં સમાવી લેવાનો કરાર કર્યો. આ કરાર મુજબ તેજ લિ.ના ઇક્વિટી શેર, તિમિર લિ.ના શેરહોલ્ડર્સને એ રીતે આપવાના હતા કે જેથી બંને કંપનીઓના કુલ શેરની આંતરિક કિંમત સરખી થાય. તિમિર લિ.ના ચેરની દાર્શનિક કિંમત રૂ. 100 હતી, જેના પર શેરદીઠ રૂ. 50 ભરપાઈ થયેલા હતા. તેજ લિ.ના શેરની દાર્શનિક કિંમત રૂ. 100 હતી, જેના પર શેરદીઠ રૂ. 40 ભરપાઈ થયેલા હતા.

તિમિર લિ.ના સ્ટૉકમાં રૂ. 50,000નો સ્ટૉક તેજ લિ. પાસેથી ખરીદેલા માલ પૈકીનો છે, જેમાં તેજ લિમિટેડ વેચાણ કિંમતના 20% લેખે નફો ઉમેરેલ હતો.

તેજ લિ.ના દેવાદારોમાં રૂ. 75,000 તિમિર લિ, પાસેનાં લેણાંનો સમાવેશ થાય છે. તિમિર લિ.ની દેવી હૂંડીઓ પૈકી અર્ધી રકમની દેવી હૂંડીઓ તેજ લિમિટેડે લખેલી હતી. ઉપરની માહિતી પરથી તૈયાર કરો:

(૧) તિમિર લિ.ના ધંધાની ખરીદ કિંમતની ગણતરી,

(૨) તેજ લિ.ના ચોપડે જરૂરી આમનોંધો અને

(૩) તિમિર લિ. ના સમાવેશ પછીનું તેજ લિ. નું પાકું સરવૈયું.